પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૭૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૦૩-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 179 PRICE :-RS. 1.50 DATE : 24-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુપ્રીમ કોર્ટે લોન મોરેટોરિયમ પૉલિસીમાં દખલ કરવાનો ઈન્કાર કર્યો

## લોન મોરેટોરિયમ ગાળામાં બેન્કો ગ્રાહકો પાસેથી ચક્રવૃદ્ધિ વ્યાજ, પેનલ્ટી ન વસૂલે: સુપ્રીમ

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે લોકડાઉનના સમયગાળામાં બેંકોને તેમના ગ્રાહકો પાસેથી લોન પરના ચક્રવૃદ્ધિ વ્યાજ અને પેનલ્ટી નહીં વસૂલવાનો નિર્દેશ કર્યો છે. જો બેંકોએ છ માસના લોન મોરેટોરિયમ ગાળામાં આ પ્રકારનું વ્યાજ કે દંડ વસૂલ્યો હશે તો તેને પરત કરવા અથવા આગામી હપ્તામાં સરભર કરવા આદેશ કર્યો છે. બીજીતરફ લોન મોરેટોરિયમ પૉલિસીમાં દખલ આપવાનો સુપ્રીમ કોર્ટે ઈંકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, નાણાકીય નીતિઓનો મુદ્દો કેન્દ્ર



સરકાર અને રિઝર્વ બેંકના અધિકારક્ષેત્રમાં આવે છે. કોર્ટ આ મુદ્દે ન્યાયિક સમીક્ષા ના કરી શકે. આર્થિક નીતિ નિર્ણયો પર ન્યાયિક સમીક્ષાનો સિમિત દાયરો છે. કોર્ટ વ્યાપાર અને વાણિજ્ય કે શૈક્ષણિક મુદ્દાઓ પર દલીલ નહીં કરે. કઈ જાહેર નીતિ વધુ સારી છે તે કોર્ટ નક્કી ના કરી શકે. વધુ સારી યોજનાને લીધે કોઈ બીજી યોજનાને રદ કરી શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે વધુમાં ઉમેર્યું કે આ ગાળામાં ઈએમઆઈ નહીં ભરવા પર પેનલ્ટી લગાવવામાં ના આવે, જો કોઈ બેંકે પેનલ્ટી લગાવી હોય તો હવે પછીના ઈએમઆઈમાં તે સરભર કરી આપે. સરકાર અને આરબીઆઈ નિષ્ણાતોના મત મુજબ આર્થિક નીતિ ઘડે છે કોર્ટ પાસેથી આર્થિક નિષ્ણાત જેવી સલાહની અપેક્ષા ના રાખી શકાય. સુપ્રીમ કોર્ટના મતે તે આર્થિક નીતિમાં કેન્દ્રની સલાહકાર નથી. મહામારીથી સમગ્ર દેશ પ્રભાવિત થયો હતો અને કેન્દ્ર સરકારે આર્થિક પેકેજ જાહેર કર્યું હતું. સરકારને જાહેર આરોગ્ય, નોકરીઓ વગેરે બાબતોનું ધ્યાન રાખવું પડ્યું અને આર્થિક તંગી પણ ઉભી થઈ હતી. લોકડાઉનને લીધે ટેક્સની આવક ગુમાવ્યા છતાં આર્થિક રાહતની માટે કેન્દ્ર કે આરબીઆઈને ફરજ પાડી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટમાં મોરેટોરિયમનો ગાળો લંબાવવા અને વ્યાજનું વ્યાજ માફ કરવા માટે દાખલ કરાયેલી અરજી પર સુનાવણી થઈ હતી. આ ઉપરાંત પાવર સેક્ટર, રિયલ એસ્ટેટ તેમજ અન્ય સેક્ટરોમાં પણ આ યોજના લાગુ કરવા માંગ કરવામાં આવી હતી. કોર્ટે અરજદારો, કેન્દ્ર, આરબીઆઈ તેમજ મધ્યસ્થીઓની સુનાવણી બાદ ગત વર્ષએ ૧૭ ડિસેમ્બરના ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.

રિઝર્વ બેંકે ૧ માર્ચ ૨૦૨૦થી ૩૧ મે ૨૦૨૦ વચ્ચે તમામ લોન પરના ઈએમઆઈ પેમેન્ટ પર બેંકો તેમજ નાણાં સંસ્થાઓને ત્રણ મહિનાની મુદત આપવા મંજૂરી આપી હતી, બાદમાં આ ગાળો લંબાવીને ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ સુધી વધુ ત્રણ મહિના લંબાવાયો હતો. જો કે અરજદારોએ આ મુદત ૩૧ ડિસેમ્બર સુધી લંબાવવા માંગ કરી હતી.

## સુરતમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર દિવાલ ધસી પડતા ૪ શ્રમિકોના મોત

સુરત,

સુરતના વરાછામાં દિવાલ ધરાશાયી થતાં આઠ લોકો દટાયા હતા. જેમાંથી ચાર શ્રમિકોનાં મોત નિપજ્યા છે. વરાછાના કેદાર હાઈટ પાસે આ બનાવ બન્યો છે. દિવાલ ધરાશાયી થવાની જાણકારી મળતાં જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું.



સુરતના વરાછા વિસ્તારમાં આવેલાં કેદાર હાઈટ્સ પાસે નિર્માણાધીન ઈમારત સિલ્વર હાઈટ્સની દિવાલ એકાએક ધરાશાયી થઈ ગઈ હતી. આ સમયે ત્યાં કામ ચાલી રહ્યું હતું. અને દિવાલ ધરાશાયી થતાં અનેક શ્રમિકો માટીની અંદર દટાઈ ગયા હતા. દિવાલ ધરાશાયી થતાંની સાથે જ સાથી કારીગરો લોકોને બચાવવા દોડી ગયા હતા. અને પોલીસ તેમજ ફાયર જવાનોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

સિલ્વર હાઈટ બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન દરમિયાન અંડરગ્રાઉન્ડ ખોદકામની કામગીરી ચાલતી હતી. તે સમયે સિમેન્ટની દિવાલ બનાવવાનું કામ ચાલતું હતું. ત્યારે જ એકાએક સ્લેબ તૂટી પડતાં ૨૦ ફૂટ નીચે શ્રમિકો દટાઈ ગયા હતા. ભીની માટી અને સૂકી માટી બંને હોવાને કારણે ફાયરની ટીમને રેસ્કયૂ ઓપરેશનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

સુરત દુર્ઘટનાના પડઘા ગાંધીનગર સુધી પડ્યા હતા. શ્રમ અને રોજગાર વિભાગે ઘટનાનો અહેવાલ મગાવ્યો છે.

સમગ્ર ઘટના સાઈટ ઉપર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી. સીસીટીવી કેમેરામાં દિવાલ કેવી રીતે પડી તે સ્પષ્ટ દેખાય આવ્યું હતું. દિવાલની આસપાસ કામ કરતા મજૂરો દિવાલના કાટમાળ નીચે કેવી રીતે દબાયા હશે તેનો અંદાજ સીસીટીવી પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. ગણતરીની સેકન્ડમાં જ દિવાલમાં ગાબડુ પડી જતાનું કેદ થયું હતું.

૪ શ્રમિકોના મોતની ગંભીર ઘટના બન્યા બાદ પણ સુરત શહેરના મેયર હેમાલી બોઘાવાલા ઘટના સ્થળની મુલાકાત લેવા પહોંચ્યા હતાં. આમ આદમી પાર્ટીના વિરોધ પક્ષના નેતાએ મેયરના ઉદાસીન વલણની પણ ટીકા કરી હતી. મેયરે કહ્યું કે, સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવશે. તેમજ દોષિતો સામે પગલા લેવામાં આવશે એવું નિવેદન આપીને ઘટનાસ્થળ પરથી તરત જ રવાના થઇ ગયા હતા.

## હોળી તહેવારને ધ્યાને લઈ અમદાવાદથી ૧૧ અને સુરતથી ૨૦૦ વધારાની બસ દોડાવાશે

ગાંધીનગર,

રાજ્યમાં દર વર્ષે લોકો હોળી પર્વની ઉજવણી માટે લોકો બે દિવસ અગાઉ જ પોતાના વતનમાં જતા હોય છે. જો કે આ વખતે કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે કેટલાક પ્રતિબંધો મુક્યાં છે. આ પર્વની ધ્યાનમાં રાખીને ગુજરાત એસટી નિગમે હોળી પર્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને સુરત ડિવિઝનમાં વધારાની બસો દોડાવાનો નિર્ણય લીધો છે. જેમાં ૨૫,૨૬ અને ૨૭ તારીખે અમદાવાદથી રોજ ૧૦૦ બસ અને સુરત માંથી ૨૦૦ વધારાની બસ દોડવામાં આવશે.

લોકોની ભીડ એકઠી ના થાય તે માટે અને લોકો પર્વમાં તેમના વતન જઈ શકે તે માટે આ બસો વધારવામાં આવી છે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન થાય તે માટે પણ બંને ડિવિઝનના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. બીજી તરફ મહારાષ્ટ્ર માંથી લોકો દર વર્ષે હોળીના તહેવારમાં ગુજરાતમાં આવતા હોય છે પરંતુ અત્યારે મહારાષ્ટ્રમાં કોરોના ના કેસ વધવાના કારણે કેટલાક વિસ્તારમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. છતાંય તેઓ ગુજરાત આવી શકે તે માટે બસ ની સેવા ચાલુ રાખવામાં આવી છે.

મહારાષ્ટ્રથી આવનાર તમામ લોકોએ કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ જ ગુજરાતમાં પ્રવેશ આપવામાં આવશે. જેમાં નિર્જર, ઉછલ અને સોનગઢ આ ત્રણ જગ્યાએ મહારાષ્ટ્રથી આવતા મુસાફરોનો કોરોના ટેસ્ટ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.જોકે મહારાષ્ટ્રથી આવતા લોકોની સખ્યાં ઓછી હોવાથી કેટલીક ટ્રીપ રદ કરી છે.

## ગુજરાત ATSએ કાલુપુર બોમ્બ બ્લાસ્ટ કેસમાં વધુ એક આરોપીની કરી ધરપકડ

અમદાવાદ,

અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પર ટેલિફોન બૂથમાં બોમ્બ લગાવવા બદલ ગુજરાત એટીએસએ વોન્ટેડ મોહસીન નામના આતંકવાદીની ધરપકડ કરી છે. આરોપી ૨૦૦૬ થી ફરાર હતો અને પુણેમાં છુપાયો હતો.


લશ્કર-એ-તૈયબા આતંકી સંગઠન ૨૦૦૬ માં કાલુપુર રેલ્વે સ્ટેશન પર ટેલિફોન બૂથ બ્લાસ્ટ કેસમાં વોન્ટેડ આરોપીઓને મદદ કરી રહ્યો હતો. એટીએસ પણ માને છે કે મોહસીન, જે આજે ઝડપાયો છે, તેનું ફ્રન્ટ લાઈન સાથે જોડાણ છે. આ માટે એટીએસ હવે મોહસીનની રિમાન્ડ પર પૂછપરછ કરશે.

બ્લાસ્ટ કેસમાં એક આરોપીની તાજેતરમાં જ પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ આતંકવાદીને બાંગ્લાદેશમાં થોડી મદદ પણ મળી હતી. અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પર ફેબ્રુઆરી ૨૦૦૬ ના બ્લાસ્ટમાં સામેલ આરોપી અબ્દુલ રઝાક ગાઝીની પશ્ચિમ બંગાળથી ગુજરાત એટીએસની ટીમે ધરપકડ કરી હતી. આરોપીઓએ આતંકવાદીઓને બાંગ્લાદેશ બોર્ડરથી પાકિસ્તાન ભાગવામાં મદદ કરી હતી અને તેને આશરો આપ્યો હતો.

## ૧ એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામને કોરોનાની રસી અપાશે

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે કોરોના વિરુદ્ધના જંગમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, ૧લી એપ્રિલથી દેશમાં ૪૫થી વધુ ઉંમર ધરાવતા તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી હતી.



ઉલ્લેખનીય છે કે હાલમાં દેશમાં ૬૦થી વધુ ઉંમરના લોકોને જ કોરોનાની રસી આપવામાં આવે છે. જો કે હવે ૧લી એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. તાજેતરમાં ૪૫થી વધુ ઉંમતના કો-મોર્બિડ લોકોને જ રસી આપવામાં આવતી હતી પરંતુ હવે કોઈ બીમારી નહીં હોય તેવા સામાન્ય લોકોને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવશે.

જાવડેકરે જણાવ્યું કે કોરોના સામેની લડાઈમાં રસી સૌથી અસરકારક કવચ છે. કેન્દ્રીય મંત્રીના મતે હજુ પણ આપણે એકથી દોઢ વર્ષ સુધી માસ્ક પહેરી રાખવું પડશે. કોરોના જરા પણ હળવાશમાં લઈ શકાય નહીં. ફરીથી લોકડાઉન અંગે તેમને પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, જે રાજ્યોમાં કોરોનાના વધુ કેસો નોંધાયા છે તે રાજ્ય સરકારો સાથે કેન્દ્ર સંપર્કમાં છે અને અસરકારક મેનેજમેન્ટ દ્વારા સ્થિતિ ઝડપથી સુધરશે.

હોળીના તહેવાર બાદ દેશમાં કોરોના વેક્સિનેશનનું અભિયાન તેજ બની શકે છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે મંગળવારના પ્રેસ કૉન્ફરન્સમાં આની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, લોકોએ ફક્ત પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને સરળતાથી સરકારી-પ્રાઈવેટ સેન્ટર્સ પર વેક્સિન મળી શકશે. તેમણે કહ્યું કે, અત્યાર સુધી ૪.૮૫ કરોડ લોકોને વેક્સિન લગાવવામાં આવી ચુકી છે.

લગભગ ૮૦ લાખ લોકોને કોરોનાનો બીજો ડોઝ પણ લગાવવામાં આવી ચુક્યો છે. પ્રકાશ જાવડેકરે કહ્યું કે, ગઈકાલે જ દેશમાં કુલ ૩૨ લાખ કોરોના વેક્સિનના ડોઝ લગાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે વેક્સિનેશનનું પ્રમાણ વધારવાનો આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે, જ્યારે દરરોજ ૪૦ હજારથી વધારે કેસ સામે આવી રહ્યા છે.

હાલ દેશમાં ૧૦,૦૦૦ સરકારી સેન્ટર્સ અને હજારો પ્રાઈવેટ સેન્ટર્સ પર કોરોના વેક્સિન અપાઈ રહી છે. સરકારી સેન્ટર્સ પર ફ્રીમાં વેક્સિન ડોઝ અપાઈ રહ્યો છે જ્યારે પ્રાઈવેટ સેન્ટર પર પ્રતિ ડોઝના ૨૫૦ રૂપિયા ચાર્જ લેવામાં આવી રહ્યો છે.

## ઓક્ટોબર ૨૦૨૦ પછી સળંગ પાંચ મહિના સુધી GST વસૂલાત રૂ. એક લાખથી વધુ

ન્યુ દિલ્હી,

દેશમાં આર્થિક પ્રવૃતિમાં વેગ આવ્યો હોવાથી ઓક્ટોબર ૨૦૨૦ પછી સળંગ પાંચ મહિનામાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલાત રૂ. એક લાખ કરોડને પાર રહી હોવાનું રાજ્યકક્ષાના નાણાં મંત્રી અનુરાગ ઠાકુરે રાજ્યસભામાં એક જવાબમાં જણાવ્યું હતું. કોરોના મહામારીને લીધે ઠપ થયેલા અર્થતંત્રને વેગવંતુ કરવા માટે સરકારે લીધેલા પગલાંને પરિણામે આ શક્ય બન્યું હોવાનું મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

જીએસટી વસૂલાત વધી છે. ઈ-વે બિલના ડેટા પર નજર કરીએ તોપગતિવિધિ પણ વધી છે તેમ ઠાકુરે જણાવ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૦થી સળંગ પાંચ મહિના સુધી જીએસટી વસૂલાત રૂ. એક લાખ કરોડથી વધુ રહી છે. અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનાએ આ ગાળામાં જીએસટી કલેકશન ઊંચું રહ્યું છે. અર્થતંત્રમાં ત્રીજા ત્રિમાસમાં 'વી' શેપ રિકવરી જોવા મળી હતી. જીડીપી આંકડા પણ સકારાત્મક રહ્યા હતા અને વેપાર ક્ષેત્રે સુધારો જોવા મળ્યો હતો.

કોવિડ ૧૯ના ગાળામાં જૂન ત્રિમાસમાં ભારતનો જીડીપી માઈનસ ૨૪.૪ ટકા થઈ ગયો હતો. સતત બે ત્રિમાસમાં ભારતીય અર્થતંત્ર મંદીમાં સરકી ગયું હતું. ઓક્ટોબરથી ડિસેમ્બરના ગાળામાં જીડીપી સાધારણ વધીને ૦.૪ ટકા રહ્યો હતો.

## નાઈઝરમાં બંદૂકધારીઓનો આતંક: ત્રણ કલાકમાં ૧૩૭ લોકોને મોતને ઘાટ ઉતાર્યા

નિયામી,

પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈઝરમાં મોટરબાઈક પર સાવર બંદૂકધારીઓએ મચાવેલા તાંડવે દુનિયા આખી આઘાતમાં છે. અહીં વિદ્રોહીઓના એક તોળાએ એક આખા ગામને જાણે સ્મશાન બનાવી નાખ્યું હતું. બંદુકધારીઓએ માત્ર ૩ જ કલાકમાં ૧૩૭ લોકોને ગોળીએ વિંધ્યા હતાં. હુમલાખોરો મોટી સંખ્યામાં અને બાઈક પર




સવાર થઈને આવ્યા હતાં. હુમલાખોરોએ અનેક ઘરોમાં આગ લગાવી દીધી હતી અને ગામલોકો પર આડેધડ ગોળીબાર કરી કોહરામ મચાવ્યો હતો. જાણકારી પ્રમાણે નાઈઝરના પશ્ચિમ વિસ્તાર ટાહૌઆના ઈંટાજેન, બૈકોરેટ અને અન્ય જગ્યાએ આવેલા ગામમાં હુમલાખોરોએ રીતસરની લોહીયાળ હોળી ખેલી હતી. આ વિસ્તાર માલી સરહદની નજીક આવેલો છે. જોકે હજી સુધી કોઈ આતંકી સંગઢને આ હુમલાની જવાબદારી સ્વિકારી નથી.

સ્થાનિક અધિકારીઓ પહેલા ૬૦ લોકોના મોતની પુષ્ટિ કરી હતે પરંતુ હવે ત્યાંની સરકારે સત્તાવાર રીતે જણાવ્યું છે કે, બંદુકધારીઓ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૧૩૭ લોકો માર્યા ગયા છે. આ ગોળીબારની આ ઘટના ૩ કલાક ચાલી હતી જેમાં ૧૩૭ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતાં. આ ઘટનાએ દુનિયાભરમાં સનસનાટી મચાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ નાઈઝર વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી આતંકી ગતિવિધિઓમાં ખાસ્સો વધારો થયો છે. જાણકારી પ્રમાણે ગયા અઠવાડીયે જ કેટલાક શંકાસ્પદોએ લગભગ ૬૬ લોકોની હત્યા કરી હતી. આ વિસ્તારોમાં માત્ર સામાન્ય નાગરિકો પર જ નહીં પણ સુરક્ષાબળો પર પણ હુમલાઓ કરવામાં આવી રહ્યાં છે.




કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ સરદારસિંહ ભીમાભાઈ
મુ. ટીડકી મંદીર ફળીયા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચૌહાણ રમણભાઈ જશવંતભાઈ
મુ. લવારીયા, તા. દે.બારીઆ

# લુણાવાડા દાઉદી વ્હોરા વ્હોરા સમાજ જમાત ખાનામાં સીનીયર સિટીઝન માટે કોવિડ રસીકરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. કોરોના સંક્રમણને અટકાવવા અને માનવજીંદગી બચાવવા કોરોના પ્રતિરોધક વેકસીન આપવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોવિડ-૧૯ રસીકરણ અભિયાન વેગ આપતા વિવિધ વિસ્તારોમાં આરોગ્ય ટીમ દ્વારા ૪૫ થી ૫૯ વર્ષના ગંભીર બિમારીવાળા અને ૬૦ કે તેથી વધુ વયના લોકોને કોરોના વેકસીન આપવામાં આવી રહી છે.

દાઉદી વ્હોરા વ્હોરા સમાજ જમાત ખાના લુણાવાડા ખાતે આરોગ્ય વિભાગ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા આ વિસ્તારના લોકોને કોરોના વેકસીન આપી રક્ષિત કરવામાં આવ્યા હતા. ત્યારે ૬૦ થી વધુ લાભાર્થીઓને દાઉદી વ્હોરા સમાજ જમાત ખાના ખાતે કોવીશિલ્ડ વેકસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વેકસીન લઈ બીલ્કીશબેન પટવાએ સરકારનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે,સરકારે કોરોના મહામારીથી લોકોને બચાવવા માટે વેકસીન આપવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની વેકસીન નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. મને વેકસીન લીધા બાદ કોઇ પણ પ્રકારની આડઅસર થઇ નથી. વ્હોરા સમાજના અગ્રણી અબ્દેલીભાઇ લીંમડીયાવાલાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વેકસીન લેવાનો આગ્રહ રાખી સરકારના વેકસીન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. વેપારી અગ્રણી શબ્બીરભાઇ ઘી વાલા તથા અજીજભાઈ કઠાણાવાલાએ સૌને કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. તેમ જણાવી સરકારના રસીકરણ અભિયાનમાં સહકાર આપી પોતે સુરક્ષિત થઇ પરીવારને પણ સુરક્ષિત કરવા અપીલ કરી હતી. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઇએ તેમ જણાવ્યું હતું.

દાઉદી વ્હોરા વ્હોરા સમાજ જમાત ખાના ખાતે કોરોના વેકસીન અભિયાનમાં આરોગ્ય વિભાગના આયુષ મેડીકલ ઓફિસર ડો.કલ્પેશ સુથાર, સુપરવાઇઝર મયુરભાઇ સોની, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર જલ્પા બેન પટેલ અને ચિરાગભાઇ પટેલ, આશા સુમનબેન ભોઈ સહિત અર્બન હેલ્થ સેન્ટરના ટીમ ફરજ બજાવી હતી.

# મહીસાગર ડિસ્ટ્રિક્ટઅને સેશન્સ જજ એચ.એ. દવેએ કોરોના રસી મુકાવી લોકોને રસીકરણ માટે અપીલ



લુણાવાડા, રાજયભરમાં કોરોના વેકસીનેશનનું કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોરોના પ્રતિરોધક રસીકરણની કામગીરીને ઝુંબેશ રૂપે ઉપાડવામાં આવી છે.જે અન્વયે જિલ્લા ડિસ્ટ્રિક્ટઅને સેશન્સજજ એચ એ દવે તેમની પત્ની સાથે લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે જઈ કોરોના વેકસીનનો પ્રથમ ડોઝ લઈ અન્યને પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે જિલ્લા ડિસ્ટ્રિક્ટઅને સેશન્સજજ એચ એ દવે એ આમ લોકોને સંદેશો પાઠવતા જણાવ્યું હતુ કે, કોરોનાની રસી મુકાવવી ખૂબ જ જરૂ રી છે, રસીની કોઈ આડઅસર થતી નથી. મે અને મારી પત્નીએ એક સાથે કોરોનાની રસી મુકાવી છે, અને અમે બંને સંપૂર્ણ સ્વસ્થ છીએ, રસીની કોઈ જ આડઅસર નથી. કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ નાગરિકોને કોઈ પણ ભય વગર રસી મૂકાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લા કાનુની સેવાસત્તા મંડળ દ્વારા કોરોના વેકસીનેશન અંગે જનજાગૃતિના અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. તેમણે વેક્સિન સેન્ટર પર રસી મુકાવ્યા બાદ સેલ્ફિ પણ લીધી હતી. તેમની સાથે બાર એસોસિએશનના પ્રમુખ મનોજભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યાહતા.

# બ્રાઝિલ અને અમેરિકા પછી સૌથી વધુ કોરોના કેસોમાં ભારત ત્રીજા સ્થાને




ન્યુ દિલ્હી, ભારતમાં ફરી એકવાર કોરોના કેસ વધી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં કોરોના વાયરસના કેસમાં મોટો વધારો થયો છે. આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડા મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૦,૭૧૫ નવા કેસ નોંધાયા છે. આ સમયગાળા દરમિયાન, ૧૯૯ લોકો મૃત્યુ પામ્યા અને ૨૯,૭૮૫ લોકો ઠીક થયા છે. રોજના નવા કેસની સંખ્યામાં વધારો થતા ભારત દુનિયામાં ત્રીજા નંબરનો દેશ બન્યો છે જ્યાં સૌથી વધારે રોજના નવા કેસ નોંધાઈ રહ્યા છે.


નવીનતમ માહિતી સાથે ભારતમાં કોરોના વાયરસના કુલ કેસો ૧ કરોડ, ૧૬ લાખ, ૮૬ હજાર ૭૯૬ સુધી પહોંચી ગયા છે, જ્યારે અત્યાર સુધી ૧ કરોડ, ૧૧ લાખ ૮૧ હજાર ૨૫૩ લોકો આ ચેપથી સાજા થયા છે.

ભારતમાં હાલમાં કોરોનાના ૩ લાખ ૪૫ હજાર ૩૭૭ સક્રિય કેસ છે, જ્યારે આ રોગચાળાની લપેટમાં ૧ લાખ ૬૦ હજાર ૧૬૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે જ સમયે, દેશમાં ચાલી રહેલા કોરોના વાયરસ રસીકરણ અંતર્ગત, અત્યાર સુધીમાં ૪ કરોડ ૮૪ લાખ ૯૪ હજાર ૫૯૪ લોકોને રસી આપવામાં આવી છે.

મહારાષ્ટ્ર, કેરળ, તામિલનાડુ, પંજાબ વગેરે રાજ્યોમાંથી કોરોના વાયરસના મોટાભાગના દર્દીઓ આવે છે. કોરોનાના ઝડપથી વધી રહેલા કેસોએ સરકારની ચિંતા વધારી દીધી છે. કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારોના સંપર્કમાં છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને કોરોના વાયરસ અંગે જારી કરેલા માર્ગદર્શિકાનું કડક પાલન કરવા જણાવ્યું છે. તે જ સમયે, નિષ્ણાતો કહે છે કે કોરોના વાયરસના કેસમાં ઝડપથી વધારો થવાનું કારણ લોકોની બેદરકારી છે. લોકો રસીને કોરોના વાયરસની દવા તરીકે સારવાર આપી રહ્યા છે અને કોઈપણ સંરક્ષણ વિના ઘરની બહાર નીકળી રહ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

# રાજ્યમાં આગામી બે દિવસમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર પહોંચશે



ગાંધીનગર, ગુજરાતમાં કોરોના કહેરની ત્રીજી લહેર વચ્ચે અમદાવાદ અને રાજકોટમાં હવામાન વિભાગે મોટી આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી સમયમાં ચામડી બાળી નાંખે એવી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરી છે. સામાન્ય રીતે હોળી પછી રાજ્યભરમાં ગરમી વધવા લાગે છે. વિતેલા દિવસોમાં પણ રાજ્યના અમદાવાદ સહિત શહેરોમાં ગરમીનો અહેસાસ થયો હતો. આશરે બે દિવસમાં ગુજરાતભરના તાપમાનમાં વધારો નોંધાશે અને કાળઝાળ ગરમીનો અહેસાસ કરાવશે. હવામાન ખાતા મુજબ આગામી બે દિવસમાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી શકે છે.

અમદાવાદની વાત કરીએ તો હાલમાં અહીંનું તાપમાન ૩૮ ડિગ્રી પર પહોંચી ગયું છે અને હવે અહીં ગરમીનો પારો ઉંચકાશે. આ સિવાય ઉત્તર ગુજરાતમાં પણ ગરમીનો અહેસાસ થવા પામ્યો છે. લોકોમાં ગરમીથી રાહત આપતા સાધનોની ખરીદી શરુ કરી દેવામાં આવી છે. એસી કુલર અને પંખાનું માર્કેટનો ગ્રાફ પણ તાપમાનના પારાની જેમ ઉપર જઈ રહ્યો છે. લોકોમાં ગરમી સામે રાહત મેળવવા માટે એસી, કૂલરની ખરીદીના ટ્રેન્ડને લઈને સ્થાનિક માર્કેટ અને ઓનલાઈન શોપિંગ માર્કેટમાં પણ સ્કિમો આપવામાં આવી રહી છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં આકરી ગરમી માટે તૈયાર રહેવાના સંકેત આપ્યા છે. ગુજરાતના કેટલાક શહેરોમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ રહે છે. જેના કારણે ગરમીના પ્રમાણમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે, બે દિવસ બાદ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી શકે છે. હાલ અમદાવાદમાં તાપમાન ૩૮ ડિગ્રી પર પહોંચ્ચી ગયુ છે. હવામાન વિભાગના કહેવા મુજબ ચાર-પાંચ દિવસ સુધી હવામાનમાં કોઈ ખાસ બદલાવ થવાનો નથી. ક્યાંય વરસાદની પણ શક્યતા નથી. આ પછી તાપમાનનો પારો ઉંચકાશે.

## મહીસાગરમાં આજે ૯ પોઝિટિવ કેસ :

# જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૨૬ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂ ષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂ ષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૨૨૬ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂ ષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૯૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૪૨૫૦૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૫૩ દર્દી હોમ આઈસોલેશન અને ૧૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૮ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓકિસજન પર અને ૦૫ વેન્ટીલેટર પર છે.

# લુણાવાડામાં પ્રી-પ્લેસમેન્ટ ફેર યોજાયો



લુણાવાડા, લુણાવાડા પી.એન. પંડ્યા આર્ટસ, એમ.પી.પંડ્યા સાયન્સ અને મતી ડી.પી.પંડ્યા કોમર્સ કોલેજ ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર તથા કે.સી.જી. ના સંયુકત ઉપક્રમે પ્રી-પ્લેસમેન્ટ ફેર યોજાયો હતો. જેમાં વિવિધ ક્ષેત્રની ચાર કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી રોજગારવાંચ્છુ ૧૫૦ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યું લીધા હતા. જેમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓને જોબ ઓફર લેટર સ્થળ પર આપવામાં આવ્યા હતા. પ્લેસમેન્ટ ફેર ના આયોજનમાં સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ ની ગાઈડ લાઈનનું સંપૂર્ણ પણે પાલન કરવામાં આવ્યું હતું.

પ્રી-પ્લેસમેન્ટ ફેરનું સફળતા પૂર્વક આયોજન પ્લેસમેન્ટ કો-ઓર્ડીનેટર ડો. એમ. પી. ચંપાવતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્લેસમેન્ટ ફેરની સફળતા માટે કોલેજના આચાર્ય પ્રો. પરાગ એચ. રાઠોડ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# લુણાવાડા 'સખી વન સ્ટોપ સેન્ટર' દ્વારા મહિલાઓ સાથે થતી જાતીય સતામણી વિષય અંગે કાયદાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ-ભારત સરકાર પુરસ્કૃત સંચાલિત 'સખી વન સ્ટોપ સેન્ટર' લુણાવાડા ખાતે દહેજ પ્રતિબંધક અધિકારીની કચેરી દ્વારા કામ કાજના સ્થળે મહિલા ઓ સાથે થતી જાતીય સતામણી વિષય અંગે કાયદાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

મહાનુભાવોના પ્રાસંગીક પ્રવચનમાં આજના આધુનિક યુગમાં નારી સશક્તિકરણ ખૂબ જ જરૂરી છે. ત્યારે મહિલાઓના ઉત્કર્ષ અને આર્થિક ઉત્થાન માટે સરકાર દ્વારા અલગ અલગ યોજનાઓ અમલીકરણ કરાઈ છે. આજ ના યુગમાં પુરૂ ષ સમોવડી બનેલી મહિલાઓનું પ્રતિનિધિત્વ તમામ ક્ષેત્રોમાં વધ્યું છે ત્યારે તેમની સુરક્ષા ની અનુભૂતિ કરી શકે તે માટે કામકાજ ના સ્થળે મહિલા પર થતા અત્યાચારોના નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોના માદયમથી મહીલાઓમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. તે અંતર્ગત નર્સ બહેનોને કાયદાકિય જાગૃતિ આપવા અંગે લુણાવાડા સખી વન સ્ટોપ ખાતે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આમા મહિલા સ્વબચાવ ના ઉપાયો અને કાનુંની કાર્યવાહી ની સમજ આપી હતી. સરકારની મહિલા લક્ષી યોજનાઓ તેમજ ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશન વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. કાયદાકીય પ્રવચન માટે વકીલ.બી.આર.મહેરા, વકીલ રીકેશ સુથાર, મકવાણા તેમજ મહિલા બાળ વિકાસ દ્વારા કાર્યરત એવી તમામ સંસ્થાઓ જેમા સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસે સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર, વિવિધ લક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી રમેશભાઈ ચૌધરી સહિત કર્મચારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# મહીસાગર જિલ્લાના કોરોના રસીકરણ અભિયાનમાં ગુંદેલા, ધુંધલીયા અને ઢાઠી ગામોની ૧૦૦% સિદ્ધિ

લુણાવાડા, મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં કોરોના રસીકરણ અભિયાન વધુ વેગવાન બન્યું છે. આ અભિયાન અંતર્ગત ૬૦ વર્ષથી ઉપરની વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષથી વય સુધીના ગંભીર બીમારી વાળા નાગરીકોને કોવીડ -૧૯ અંતર્ગત કોરોનાની રસી મુકવા માટે રસીકરણ અભિયાનમાં બાલાસિનોર તાલુકાના ગુંદેલા, ધુંધલીયા અને ઢાઠી ગામોએ ૧૦૦% સિદ્ધિ હાંસલ કરી છે. પ્રાંત અધિકારી વિમલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ અધિકારી, તેમજ બાલાસિનોર મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ આગેવાનો, ગામના પદાધિકારીઓની ઉપસ્થિતિ અને સાથ સહકારથી આ ગામોમાં ૧૦૦% કોરોના રસીકરણ કામગીરી પુર્ણ કરવામાં આવી છે. નોંધનીય છે કે, આ ગામના લોકો આગળ આવી, સામે ચાલીને કોરોના રસી મૂકાવવાનો આગ્રહ રાખે છે. જે સરાહનીય છે. આ ગામલોકોની કોરોના રસીકરણમાં ૧૦૦% સિધ્ધિની પ્રેરણા લઈ અન્ય ગામો પણ ૧૦૦% રસીકરણનો આગ્રહ રાખશે અને ભારત કોરોના મુક્ત બનશે. સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ ફરજીયાત માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવા પ્રાંત અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મહિસાગરમાં ૧૦ એપ્રિલના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

લુણાવાડા, રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દીલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના ઉપક્રમે મહિસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ૧૦ એપ્રિલ ૨૦૨૧ ને શનિવાર ના રોજ ૧૦-૦૦ કલાકથી નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાન લાયક કેસો જેવા કે (૧) ફોજદારી સમાધાન લાયક કેસો (૨) નેગોશીએબલ ઈસ્યુમેન્ટ એકટ કલમ -૧૩૮ ના કેસો (૩) બેન્ક રીકવરીના કેસો (૪) અકસ્માત વળતરના કેસો (૫) મજુર ડીસપ્યુટના કેસો (૬) જમીન સંપાદનના કેસો (૭) ફેરફાર / ભાગલા/ વિભાજન/ ભાડા બેન્ક વસુલાત/ સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮) વીજળી અને પાણીના બીલોના કેસો (૯) પ્રીલીટીગેશન કેસો (૧૦) રેવન્યુ કેસીસ (૧૧) ભરણ પોષણના કેસો અને કૌટુબિંક ઝઘડા અંગેના કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહિસાગર મુ.લુણાવાડા તથા મહિસાગર જિલ્લાની જે તે તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન ઓને સંપર્ક કરવા ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ એચ.એ.દવેએ અખબારી યાદીમાં જણાવાયું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૪-૦૩-૨૦૨૧, બુધવાર, ફાગણ સુદ-૧૦, સૂર્યોદય-૬-૨૧, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૪.૦૩.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- આપના પ્રયત્નો એળે ન જાય તે જોજો. ધીરજનાં ફળ મીંઠા મળતાં લાગે.સંતાનસુખ મળે.
વૃષભ (બ.વ.ઉ.) :- વાવ-વિવાદ ટાળજો. આપની મૂંઝવણ વધતી લાગે. સફળતા આખરે જરૂર મળતી જણાય.
મિથુન (ક.છ.ઘ.) :- નાણાકીય પ્રશ્નોની ચિંતા રહે. ધાર્યું ન થતાં ચિંતા નિરાશા જણાય. કૌટુંબિક કામ સફળ થાય.
કર્ક (ડ.હ.) :- કૌટુંબિક કામકાજમાં સફળતા મળે. અગત્યના કામમાં આગળ વધી શકશો.
સિંહ (મ.ટ.) :- અંગત પ્રશ્નોની ચિતા રહે. ખર્ચ-ખરીદી જણાય. મહત્ત્વના કામ સફળ થતાં લાગે.
કન્યા (પ.ઠ.ણ.) :- વ્યાવસાયિક તેમજ અન્ય મહત્ત્વના પ્રશ્નો ઉકેલવાની તક મળે. મિલન-મુલાકાતીથી આનંદ રહે.
તુલા (ર.ત.) :- લાભથી આશા ઠગારી નીવડે. કૌટુંબિક કામ સફળ થાય. પ્રવાસ અંગે ખર્ચ-વ્યય રહે.
વૃશ્ચિક (ન.ય.) :- મનની મુરાદ મનમાં રહે. વાદ-વિવાદ ટાળજો, કૌટુંબિક પ્રશ્નોની મૂંઝવણ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- પ્રતિકૂળતામાંથી માર્ગ મેળવી શકશો. નિરાશા દુર થાય. અગત્યનું કાન બનતુ જણાય.
મકર (ખ.જ.) :- લાભની તક મળે તે ઝડપી લેજો. આરોગ્ય અંગે તકેદારી લેજો. ગૃહવિવાદનો ઉકેલ મળે.
કુંભ (ગ.શ.સ.) :- આર્થિક પ્રશ્નોથીં ચિતા રહે. સંપત્તિના કામ અંગે પ્રતિકુળ રહે. મિલન-મુલાકાતથી લાભ મળે.
મીન (દ.ચ.ઝ.) :- ધાર્યું કાર્ય અંગે અડચણ રહે. મહત્ત્વની મુલાકાતથી આનંદ. સ્નેહી-સ્વજનનો સહકાર રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ રોકવા આગામી ૧૫ એપ્રીલ સુધી કોઈપણ જાહેર મેળાવડા નહી યોજી શકાય

દાહોદ, કલેકટર વિજય ખરાડીએ જિલ્લામાં વધી રહેલું કોરોના સંક્રમણ અને આગામી હોળી–ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને કોરોનાનો ફેલાવો અટકાવવા માટે એક જાહેરનામાં દ્વારા કેટલાંક પ્રતિબંધો આજ તા. ૨૩ માર્ચથી આગામી ૧૫ એપ્રીલ સુધી મૂકયા છે.

જાહેરનામા મુજબ સમગ્ર દાહોદ જિલ્લામાં કોઇ પણ સ્થળોએ, કોઇ પણ પ્રકારનાં મનોરંજન માટેના, સાસ્કૃતિક કાર્યક્રમ કે ધાર્મિક મેળાનું આયોજન કરી શકાશે નહી. હોળી–ધૂળેટી દરમિયાન કોઇ પણ વ્યકિત કે વ્યકિતઓ મંડળી બનાવી જાહેર સ્થળો, માર્ગો પર અવરજવર કરતાં રાહદારીઓ, વાહનચાલકો, માલમિલકત ઉપર કે વાહનમાં મુસાફરી કરી રહેલાં મુસાફરો કે માલસામાન પર, કિચડ, રંગ કે રંગમિશ્રિત કરેલ પાણી, તેલ, તેવી કોઇ વસ્તુ ભરેલા ફુગ્ગા, પ્લાસ્ટિકની થેલી કે વસ્તુ નાખવી કે નખાવવી નહી. આ ઉપરાંત કોઇ પણ વ્યક્તિ કે વ્યક્તિઓ જાહેર સ્થળો કે માર્ગો પર અવરજવર કરતાં વ્યક્તિઓ કે વાહનોને રોકીને નાણાં ઉઘરાવવા નહી તેમજ માર્ગો પર આડાશ પથ્થર મૂકીને અન્ય અવરોધ કરી વાહનોને રોકવા નહી. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ આઇપીસી તેમજ અન્ય કલમો મુજબ શિક્ષાને પાત્ર થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં હોળી–ધૂળેટીના તહેવારોમાં આમલી અગિયારસ, ગોળગધેડા તેમજ ચાડીયા ચૂલના મેળાનું દરવર્ષે આયોજન થાય છે. જેમાં મોટી સંખ્યામાં ભીડ થતી હોય કોરોના સંક્રમણ ફેલાવાની શકયતા વધારે રહે છે, જેને રોકવા માટે કલેક્ટરએ ઉક્ત જાહેરનામા દ્વારા પ્રતિબંધ મૂકતો આદેશ કર્યો છે.

# નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હીનાબને ગરાસીયાએ કોવીડ વેક્સિનેશનની ઝુંબેશનો ભાગ બનવા લોકોને કરી અપીલ

દાહોદ, મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હીનાબને ગરાસીયાએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. જિલ્લા તંત્ર દ્વારા કોવીડ વેક્સિનેશન માટે ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે સુ હીનાબેને દાહોદના નાગરિકોને તંત્રની ઝુંબેશમાં સહયોગ આપી વેળાસર કોવીડ વેક્સિન લઇ લેવા અપીલ કરી છે.



તેઓ જણાવે છે કે, મેં કોરોનાની વેક્સિનના બંને ડોઝ લીધા છે અને આ વેક્સિનની કોઇ આડઅસર નથી. આ વેક્સિન સંપૂર્ણ સુરક્ષિત છે. જનતાને અપીલ કરૂ છું કે વેક્સિનના બંને ડોઝ નિયત સમયગાળા મુજબ લે અને સરકારના પ્રયાસોમાં સહયોગ આપે.

તેઓએ ઉમેર્યું કે, કોરોના બાબતની સાવચેતીઓનું પણ આપણે અવશ્ય પાલન કરવાનું છે. સામાજિક અંતર, માસ્ક, સેનિટાઇઝરથી હાથ સાફ કરવા વગેરે જેવી બાબતોની પૂરેપૂરી કાળજી રાખવાની છે. સરકાર દ્વારા કોરોના બાબતે જે માર્ગદર્શીકા આપવામાં આવી છે તેનું ચુસ્તતાથી પાલન કરીને આપણે કોરોનાથી દૂર રહેવાનું છે.

# કોલોરાડોમાં સુપરમાર્કેટમાં બેફામ ગોળીબાર: પોલીસ અધિકારી સહિત ૧૦નાં મોત

કોલોરાડો, અમેરિકાના કોલોરાડોના બોલ્ડરમાં સુપરમાર્કેટમાં એક શખ્સે અંધાધૂંધ ગોળીબાર કરતા પોલીસ અધિકારી સહિત ૧૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. પોલીસે એક સંદિગ્ધની ધરપકડ કરી લીધી છે. જો કે આ શખ્સે ગોળીબાર શા માટે કર્યો તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. બોલ્ડર પોલીસે ટ્વીટ કરીને ગોળીબારની ઘટના અંગે પુષ્ટી કરી હતી.




સોમવારે રાત્રે બનેલી આ ઘટનાથી અમેરિકાનું ગન કલ્ચર ફરી માથાનો દુઃખાવો બની ગયું છે.

પોલીસે સુપરમાર્કેટમાંથી એક સંદિગ્ધ શખ્સની ધરપકડ કરી હતી. આ શખ્સને પગમાંથી લોહી નીકળી રહ્યું હતું અને તેણે ફક્ત શોટ્ર્સ પહેરી હતી. પોલીસે ગોળીબારની ઘટના બાદ તેને હથકડી પહેરાવી ધરપકડ કરી લીધી છે.

બોલ્ડર પોલીસના જણાવ્યા મુજબ આ ગોળીબારમાં મૃત્યુ પામનાર એક પોલીસ અધિકારી પણ છે. પોલીસ અધિકારીની ઓળખ એરિક ટેલી (૫૧) તરીકે થઈ છે. તે ૨૦૧૦થી બોલ્ડર પોલીસમાં સેવા આપી રહ્યા હતા. તે એક સાત વર્ષના બાળકના પિતા પણ છે. આ દુઃખદ છે કે એરિકે જ સૌપ્રથમ હુમલાખોર સામે બાથ ભીડી હતી અને તેનું કમનસીબે ગોળી વાગતા મોત થયું હતું.

બોલ્ડર ડિસ્ટ્રિક્ટ એટર્ની માઈકલ ડોઘર્ટીના જણાવ્યા મુજબ, મૃતકોના પરિવારજનોની ઓળખ કરવામાં આવી રહી છે જેથી હજી સુધી નામ જાહેર કરવામાં નથી આવ્યા. હુમલાખોરે કિંગ્સ સુપર્સ સ્ટોરમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

ગોળીબારની ઘટનાને પગલે ઝડપથી પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી નાકાબંધી કરી દીધી હતી. સ્વોટ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી તેમજ ત્રણ હેલીકોપ્ટર પણ પહોંચ્યા હતા. સ્ટોરના આગળની બારીનો કેટલોક ભાગ તૂટી ગયો હતો.

સુપરમાર્કેટમાંથી એક મહિલા તેના પુત્ર સાથે ખરીદી કરીને બહાર આવ્યા બાદ તેણે જણાવ્યું કે, ધડાકાનો અવાજ સાંભળવા મળ્યો હતો. પાર્કિંગમાં તેમજ સ્ટોર બહાર એક-એક શખ્સને ગોળી વાગતા તેમનું મોત થયું હતું. તેણે તેના દીકરાને નીચે ઝુકી જવા માટે જણાવ્યું હતું. સુપરમાર્કેટમાં ગોળીબાર થતાં અંદર નાસભાગ મચી ગઈ હતી. યુવાનો દ્વારા વૃદ્ધિ લોકોને ઝડપથી બહાર નિકળવામાં મદદ કરી રહ્યા હતા. અંદર ધાણીફૂટ ગોળીબાર થવા લાગ્યો હતો અને જોતજોતામાં ૧૦ લોકોનાં મોત થયા હતા.

# મુખ્યમંત્રીની ખાતરી છતાં સુરતમાંથી હજારો શ્રમિકોની વતન હિજતર

સુરત, સુરતમાં કોરોનાના કેસમાં જોરદાર ઉછાળો થતા પ્રવાસી શ્રમિકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં ઉત્તર પ્રદેશ-બિહારથી કામ કરવા માટે આવતા મજૂરો સરકારની લોકડાઉનની ખાતરી છતા હિજરત કરી રહ્યા છે. સુરતમાં મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના વતન પરત ફરતા ઠેર ઠેર ટ્રાવેલ્સ એજન્સીની હાટડીઓ ખુલી ગઇ છે અને મનફાવે તેમ શ્રમિકો પાસેથી પૈસા પડાવી રહી છે.


સુરતમાં પ્રવાસી મજૂરોના વિસ્તારમાં ઠેર ઠેર ટિકિટ બુકિંગની ઓફિસો ખુલી ગઇ છે. ફેરિયાઓ, ઝૂંપડીમાં રહેતા લોકો રાતોરાત બુકિંગ એજન્ટ બની ગયા છે. ભયભીત બનેલા પ્રવાસી મજૂરો ઘર વખરી સાથે બસમાં જગ્યા ના મળે તો બસની છત પર બેસીને પણ વતન રવાના થઇ રહ્યા છે.

સુરતમાં કોરોનાના કેસમાં વધારો થતા ફરી લોકડાઉન લાગશે તેવી અફવાને પગલે મોટી સંખ્યામાં શ્રમિકો હિજરત કરી રહ્યા છે. રોજની સરેરાશ ૧૫થી વધુ બસ ભરીને શ્રમિકો ઉત્તર પ્રદેશ-બિહાર તરફ રવાના થઇ રહ્યા છે. સોમવારે આશરે ૧૫૦૦થી વધુ શ્રમિક મજૂરોને લઇને સુરતથી ૧૪ બસ ઉત્તર પ્રદેશ-બિહાર રવાના થઇ હતી.મોટી સંખ્યામાં પોતાના વતન તરફ હિજરત કરતા શ્રમિકો પાસેથી ખાનગી બસ સંચાલકો મનફાવે તેમ રૂપિયા ભાડા પેટે ઉઘરાવી રહ્યા છે. શ્રમિકો પાસેથી ૮૦૦ના બદલે ૧૫૦૦ રૂપિયા જેટલુ જંગી ભાડુ વસુલ કરવામાં આવી રહ્યુ છે.

# મહારાષ્ટ્રમાં હાઈ લેવલ ટ્રાન્સફર-પોસ્ટિંગનું રેકેટ, મારી પાસે પુરાવા: ફડણવીસ

ન્યુ દિલ્હી, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં રહેલા રાજકીય વિવાદને લઈને ફરી એકવાર સનસની ખુલાસા કર્યા છે. ફડણવીસે દાવો કર્યો હતો કે, ગૃહમંત્રી અનિલ દેશમુખ ક્વારંટાઈન નહોતા પરંતુ લોકો સાથે મુલાકાત કરી રહ્યાં હતાં. સાથે જ ફડણવીસે ઈશારો કર્યો છે કે, તેઓ આ મામલે દિલ્હી જશે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, એન્ટિલિયા કેસમાં અનેક બાબતો સામે આવી છે, જે આશ્ચર્ય પમાડનારી છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ગંભીર આરોપો લગાવ્યા છે.



ફડણવીસે કહ્યું હતું કે, શરદ પવારના દાવા ગઈ કાલે જ ખોટા સાબિત થયા હતાં. જેટલા પણ પુરાવા અત્યાર સુધી સામે આવી રહ્યાં છે તેનાથી સ્પષ્ટ થાય છે કે, આ તદ્દન જુઠ્ઠાણું છે. ભાજપે દાવો કર્યો છે કે, પોલીસ રેકોર્ડ પ્રમાણે અનિલ દેશમુખ ૧૭ ફેબ્રુઆરીએ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં હતાં, ૨૪ ફેબ્રુઆરીએ તે પોતાના મંત્રાલય પહોંચ્યા હતાં.

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો છે કે, તેમની પાસે એક ચિઠ્ઠી છે જેને લઈને તે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ સચિવ સાથે મુલાકાત કરશે. તેઓ દિલ્હીમાં અપીલ કરશે કે આ ટ્રાંસફર રેકેટની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવામાં આવે.

ગૃહમંત્રી અનિલ દેશમુખ કોરોના પોઝિટીવ આવ્યા હોવાથી ૬ થી ૧૫ સુધી ફેબ્રુઆરી સુધી હોસ્પિટલમાં ભરતી હતાં અને ત્યાર બાદ ૨૭ ફેબ્રુઆરી સુધી ઘરમાં જ ક્વારંટાઈન હતા તેવો દાવો ગઈ કાલે શરદ પવારે કર્યો હતો. જેને ફગાવતા પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું હતું કે, શરદ પવારને ખોટી જાણકારી આપીને પત્રકાર પરિષદમાં ખોટુ કહેવડાવવામાં આવ્યું. ફડણવીસે કહ્યું હતું કે, અનિલ દેશમુખ ક્વારંટાઈન નહીં પણ સતત લોકોને મળી રહ્યાં હતાં. જેથી તમામ જાણકરીઓ સામે આવવી જોઈએ.

રાજયમાં ટ્રાસંફર અને પોસ્ટિંગ રેકેટ પણ સમાંતર રીતે ચાલી રહ્યું છે. અમારી સરકારમાં પણ જ્યારે આ બાબત સામે આવી તો અમે આકરી કાર્યવાહી કરી હતી. ફડણવીસે દાવો કર્યો છે કે, તેમની પાસે ફોન કોલના રેકોર્ડિંગ છે, જેનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે, આ તમામ બાબતોની જાણકારી મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પાસે પણ હતી.

# કોરોના કાળ માં પણ નિરંકારી ભક્તોએ કર્યું ઉત્સાહપૂર્વક રક્તદાન

દાહોદ, સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિરંકારી ભક્તો એ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી અનોખો સેવાનું કાર્ય કર્યું

સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ ના આશીર્વાદથી આજ રોજ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોવિડ ૧૯ ના પ્રોટોકોલ હેઠળ સોસીયલ ડિસ્ટન્સ સાથે સાવધાનીઓ રાખતા નિરંકારી ભકતોએ રકતદાન કર્યું. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રગટાવીને કરી જેમાં દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈ તથા ઝાયડસ હોસ્પિટલના સીઈઓ ડોક્ટર સંજય જી, ડોક્ટર પી. ડી. મોદીજી તથા ઝાયડસ હોસ્પિટલના ડોક્ટરો ની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. એ નાપશ્ચાત દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ માન ભુપેન્દ્રભાઈના હસ્તે રીબીન કાપીને રકતદાન શિબિરનો ઉદઘાટન કરવામાં આવ્યો. આગળની માહિતી આપતા દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈ એ જણાવ્યું કે, સંત નિરંકારી ચેરીટેબલ ફોઉન્ડેશન દ્વારા સમગ્ર વિશ્વમાં ૧૯૮૬ થી ૨૦૨૧ સુધી. ૬૬૭૦ થી વધુ રકતદાન શિબિર નું આયોજન કરી ૧૧.૨૮૮૦૦ થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરી ૩ લાખ થી વધુ માનવ જીવન ને ઉગારેલ છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેમણે જણાવ્યું કે કોરોના કાળમાં પણ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૬૧ યુનિટ રક્ત માનવતાના હિતમાં સમર્પિત કરવામાં આવ્યું છે. અંતમાં ઝાયડસ હોસ્પિટલના સીઈઓ ડોક્ટર સંજય એ દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈ નું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું તથા નિરંકારી મિશન નો આભાર વ્યક્ત કર્યો એમને કહ્યું કે, આવા માનવતાના હિતના કાર્યોમાં સંત નિરંકારી મંડળ ને હામારી જરૂરત પડશે તો અમે પૂરો સહયોગ આપીને કાર્યને સફળ બનાવીશું.

# દે.બારીઆના દુધાળા ગામે પ્રેમી યુવક-યુવતિ એ ગળે ફાંસો ખાઈ આપઘાત : પોલીસ ઘટના સ્થળે

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના દુધાળા ગામે એક પ્રેમી યુગલે ઝાડ સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ મામલે યુવક – યુવતીના પરિવારજનો સામસામે આવી જતા વિસ્તારમાં તંગદિલીનો માહોલ પણ સર્જાયો હતો. ત્યારે ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી જઇ પરિસ્થિતિને હાલ કાબુમાં લેવાની કોશિશ કરી રહી છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર દુધિયા ગામના સરસયા ફળિયામાં આજરોજ વહેલી સવારે ગામના જ એક પ્રેમી પંખીડાએ ઝાડ સાથે ઓઢણી બાંધી જીવનનો અંત આણી લીધો હતો. આ પ્રેમી યુગલે કયા કારણોસર આત્મહત્યા કરી તેનું સાચું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ ઘટનાની જાણ બન્ને પરિવારોમાં થતાં બંને પરિવારોના માણસો અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણની પરિસ્થિતિ ઉત્પન્ન થવા પામી હતી. ત્યારે આ મામલાની જાણ સાગટાળા પોલીસને થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસ દ્વારા પ્રેમી પંખીડાની લાશને ઝાડ પરથી ઉતારી લેવામાં આવી છે. ઘટના સ્થળ પર પણ પોલીસે કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ત્યારે આગામી દિવસમાં એવું રૂપધારણ કરશે તે જોવાનું રહ્યું.

# દાહોદ રાત્રી બજાર બહાર આવેલ પાણીની ટાંકી પુનઃ શરૂ કરવાની માંગણી

દાહોદ, એક વર્ષ પહેલા દાહોદ સ્ટેશન રોડ, રાત્રી બજારની બાર વટેમાર્ગુઓ માટે પીવાના પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. તે ટાંકી તે સમયમાં વિવાદની સુર્ખીઓમાં રહી હતી. અને તેની સામે વિરોધ પણ ઉઠ્યો હતો. તેમ છતા ટાંકી યથાવત રહેવા પામી હતી. અને આકરા ઉનાળામાં વટેમાર્ગુઓને ઠંડા પાણીની સુવિધા મળતા લોકોમાં ખુશી જોવા મળી હતી. એ વાતને વર્ષ વિતી ગયું અને એક વર્ષમાં તો ઘણા ચઢાવ–ઉતાર આવ્યા હાલ પણ આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે. વિદ્યાર્થીઓથી માંડી વટેમાર્ગુઓને પણ આકરા ઉનાળાનો તાપ સતાવી રહ્યો છે ગત વર્ષે આ ટાંકીના ઠંડા પાણીએ લોકોની તરસ છુપાવી હતી. પણ આ વખતે ટાંકી ઠંડુ પાણી આપવાને બદલે સુકી ભઠ્ઠ શોભાના ગાંઠીયા સમાન દીસી રહી છે. આ પાણીની ટાંકી બંધ છે અને તરસ્યા વટેમાર્ગુઓ પાણી વિના ટાંકી સામે જોઈ નિશાસા નાંખતા નજરે પડી રહ્યા છે. કાળઝાળ ગરમી આ સિઝનમાં વટેમાર્ગુઓને ઠંડા પાણીની સુવિધા મળી રહે તે માટે આ ટાંકી પુનઃ ચાલુ કરવાની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ સાંસીવાડમાં એક ઈસમને પેટમાં ચપ્પુ મારી તથા લાકડી તેમજ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી

દાહોદ, પૈસા આપ્યા બાબતે પોલીસમાં અરજી કરવાના મુદ્દે દાહોદ ગોધરા રોડ, ચંદનલાલ સામે રોડની બાજુમાં ગત રાતે થયેલ ઝઘડામાં એક વ્યક્તિને પેટમાં ચપ્પુ મારી તથા ડંડા તેમજ ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તથા મારી નાખવાની ધાકધમકી આપ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેરના ગોધરા, સાંસીવાડમા રહેતા વિનોદ સાંસી તથા વિશાલ સાંસીએ ગતરાતે ગોધરા રોડ, ચંદનલાલ સામે રોડની બાજુમાં મુકેલ બાંકડા પાસે ઉભેલ ચંદનલાલમા રહેતા શ્યામ પ્રેમાનંદ ઠાકુર નામના ૨૦ વર્ષીય યુવાનને ગાળો આપી તે મને આપેલા પૈસા બાબતે કેમ પોલીસમાં અરજી કરી છે ? તેમ કહી વિનોદ સાંસીએ શ્યામ ઠાકુરની સાથે ઉભેલા સોનુ નામના યુવાનને પેટના ભાગે ડાબી બાજુ ચપ્પુ મારી તથા વિશાલ સાંસીએ સોનુને ડાબા હાથના પંજા ઉપર ડંડો મારી ઈજા પહોંચાડી હતી. જ્યારે રાહુલ ઉર્ફે(ડાકુ) સાંસી તથા કીશન ડેડકાએ સોનુને શરીરના ભાગે ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાખવાની ધાકધમકી આપી હતી.

આ સંબંધે દાહોદ ગોધરા રોડ, ચંદનલાલમા રહેતા શ્યામ પ્રેમાનંદ ઠાકુરએ નોંધાવેલ ફરીયાદને આધારે દાહોદ ટાઉન પોલીસે મારામારીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# છોટા ઉદેપુર રોડ પરથી આઈસર ટેમ્પો ચોરાયો

દાહોદ, દે.બારીયા નગરના છોટાઉદેપુર રોડ, આયુર્વેદિક હોસ્પીટલની સામે લોક મારી પાર્ક કરેલ રૂ પિયા પોણા બે લાખની કિંમતનો આઈસર ટેમ્પો રાત્રીના સમયે કોઈ વાહનચોર ચોરીને લઈ ગયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા નગરના ખોખા બજારમાં રહેતા ડેવીશન ઓગષ્ટીન ક્રીસ્ટીએ તેનો રૂ પિયા ૧,૭૫,૦૦૦ની કિંમતનો જીજે ૧૭ યુ યુ–૬૭૨૧ નંબરનો આઈસર ટેમ્પો ગત તા.૧૪.૩.૨૦૨૧ના રોજ સવારે અગ્યાર વાગ્યાના સુમારે તા.૧૫.૩.૨૧ના રોજ લોક મારી દે.બારીયા નગરના છોટા ઉદેપુર રોડ પર આવેલ આયુર્વેદિક હોસ્પીટલ સામે પાર્ક કર્યો હતો. તે સમય દરમ્યાન શકદાર વડોદરાના ચિરાગ ભાઈ અશોકભાઈ રાજપુત ભાવેશભાઈ અશોકભાઈ રાજપુત અથવા તો કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ ગયા હતા.

આ સંબંધે દે.બારીયા ખોખા બજારમાં રહેતા ડેવીડશન ઓગષ્ટીન ક્રિસ્ટીએ નોંધાવેલ ફરીયાદને આધારે દે.બારીયા પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં લવ જેહાદ અને લેન્ડ ગ્રેબિંગની કામગીરીને લઈ અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના અધ્યક્ષને મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ગોધરા, લવ જેહાદ અને લેન્ડ ગ્રેબિંગની કામગીરીને લઈ અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષને જાન થી મારી નાખવાની ધમકી મળતા ગોધરા શહેર એ ડીવીઝન પોલીસ મથક ખાતે અજાણ્યા શખ્સ સામે આશિષ પટેલે ફરીયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગોધરા શહેર એ ડીવીઝન પોલીસ મથક ખાતે ગુજરાત પ્રદેશ અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ આશિષ પટેલ હોય અને તેઓ પોતાના કામ અર્થે ગાંધીનગર ગયા હતા. જે દરમ્યાન તેઓ ના મોબાઈલ ફોન પર અજાણ્યા વ્યકિતનો ફોન આવેલો જેમાં લેન્ડ ગ્રેબિંગ અને લવ જેહાદ માટેનું જે કંઈ કામ કરો છો તે તમે તાત્કાલિક બંધ કરીદો તેમ કહેતા આશિષ પટેલે તમે કોણ બોલો છો તેમ પુછતા અપશબ્દો ઉચ્ચારવાની સાથે તમારો સંપૂર્ણ બાયોડેટા કુંડળી અમારી પાસે છે, ઘરેથી કેટલા વાગ્યે નીકળો છો, કયાં જાવ છો, શું કામ કરો છો, કેટલા વાગ્યે ઘરે પરત ફરો છો.જેવી સંપૂર્ણ માહિતી અમારી પાસે છે અને તમે જે લવ જેહાદને લગતું તથા ગ્રેબીંગનું કામકાજ કરી રહેલ છો અને ગોધરાની જગ્યામાં તમોએ જે માથું માર્યુ છે, તે માથું મારવાનું તાત્કાલિક છોડી દો નહીંતર જાનથી ઉડાડી દઈશ. જેવી ધમકીઓ આપતા આશિષ પટેલે અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હાલોલની યુવતિને તલાક આપતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ

હાલોલ, પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે રહેતી ૨૫ વર્ષીય એક યુવતીના લગ્ન એક વર્ષ અગાઉ ભાવનગર ખાતે રહેતા એક વ્યક્તિ સાથે થયા હતા. લગ્નના શરૂઆતમાં તેઓના સાસરીયાઓ દ્વારા યુવતી સાથેસારૂ રાખવામાંઆવતુંહતું, બાદમાં તેઓના પતિ પરિણીત પર વારંવાર શંકા વહેમ રાખીને અપશબ્દો બોલતા હતા તથા તેમ જમવાનું બનાવતા આવડતુંનથી. તેમ જણાવી પરિણીતા સાથે મારઝૂડ પણ કરતા હતા અને કહેતા હતા કે તારી સાથે સાથે નિકાહ કરીને હું બર્બાદ થઈ ગયો છું, મારી બીજી બૈરી લાવવાની છે, તેમ કહીને મહેના ટોના મારીને તેઓના પતિ દ્વારા મહિલાને ત્રિપલ તલાક આપી દેવામાં આવ્યા હતા. બીજી તરફ પરિણીતાના સસરા સાસુ પણ પરિણીતાને તને જમવાનું બનાવતા આવડતું નથી, નવરી બેસી રહે છે, તેમ અવારનવાર મહેના ટોણા મારીને પૈસાની માંગણી કરતા હતા, અને જાનથી મારી નાખવાની ધમકી આપી ઝઘડો કરતા હતા. જેને લઈને પરિણીતા દ્વારા ગોધરા મહિલા પોલીસમથકે સાસુ સસરા અને પતિ વિરૂદ્ધ દહેજ પ્રતિબંધક કલમ તથા મુસ્લિમ સ્ત્રીઓના લગ્નના હકોના રક્ષણ બાબત અધિનિયમ –૨૦૧૯ ની કલમ ૪ મુજબ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 179

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

પંચમહાલ જીલ્લા સહીત ગોધરામાં

# કોરોના કહેર : વેક્સિન માટે મુસ્લિમ આગેવાનો સાથે બેઠક યોજાઈ

## પંચમહાલ જીલ્લામાં કોરોનાનો ભરડો આજરોજ ૨૨ પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણનો ભરડો લઈ રહ્યું છે. પ્રતિદિન જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. જેને લઈ આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. જીલ્લામાં કોરોના સંક્રમણના વધતા જતા કેસ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા કોરોના વેકસીન લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં કોરોના સંક્રમણના ઘટી ગયા હતા. તે માર્ચની શરૂઆત સાથે ધીમીગતિ થી વધીને હાલ રોકેટ ગતિ પકડી છે. હાલ જીલ્લામાં સક્રિય કેસની સંખ્યા વધીને ૧૭૪ થવા પામી છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા શહેરના ૧૫ કેસ નોંધાયા છે. જ્યારે જીલ્લામાં કુલ ૨૨ પોઝીટીવ કેસ નોંધાયા છે. પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં કોરોના વધતા જતા સંક્રમણ વચ્ચે લોકો એ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. ગોધરા શહેરમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવતું નથી. જેને લઈ કોરોના સંક્રમણ થઈ રહ્યું છે. શહેરમાં શાકમાર્કેટ અને એપીએમસી બજારમાં કે અન્ય જાહેર સ્થળો એ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન થાય તો કોરોના સંક્રમણ ઉપર કાબુ મેળાઈ શકે છે. જીલ્લાવાસીઓ જાગૃતા કેળવીને કોરોના સંક્રમણને અટકાવવા વહીવટી તંત્ર સહયોગ કરે તે પણ જરૂર છે.

> ગોધરા શહેર-૧૫, ગોધરા ગ્રામ્ય-૦૨, હાલોલ-૦૩, કાલોલ-૦૧, ઘોઘંબા-૦૧

## મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર બીજેપીના ઉમેદવાર પસંદગી માટે ગોધરા કમલમ્ ખાતે સેન્સ લેવાયા



મોરવા(હ),

મોરવા(હ) વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ ફુંકાઈ ગયું છે. જેને લઈ ભાજપ દ્વારા ઉમેદવારની પસંદગી પ્રક્રિયા હાથ ધરવા અંગેની બેઠક ગોધરા ખાતે આવેલા કમલમમાં યોજાઈ હતી. જેમાં ત્રણ જેટલા પ્રદેશ નિરીક્ષકોએ અપેક્ષિત કાર્યકર્તાઓને સાંભળ્યા હતા. મોડીસાંજ સુધી ઉમેદવારની પસંદગીને લઈને કાર્યકર્તાઓ પાસેથી સેન્સ લેવામાં આવ્યા હતા. દરમ્યાન મોટી સંખ્યામાં ભાજપી કાર્યકરો હાજર રહ્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા મોરવા(હ) વિધાનસભા ની પેટાચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્યારે ભાજપ દ્વારા પણ ઉમેદવારની પસંદગીને લઈને કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે આજ રોજ કમલમ ગોધરા ખાતે ડો.જ્યોતિબેન પંડ્યા(પ્રદેશ મહિલા મોરચા પ્રમુખ), સતિષભાઈ પટેલ (પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી વડોદરા ના ચેરમેન), હર્ષદભાઈ વસાવા (સંસદીય સચિવ) પ્રદેશ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં ગોધરા ખાતે આવેલા કમલમમાં ભાજપ દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બેઠક માટેના ઉમેદવારની પસંદગીને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત કાર્યકર્તાઓના સેન્સ પણ લેવામાં આવ્યા હતા. જેમાં મોરવા(હ) વિધાનસભા મત વિસ્તાર માંથી અપેક્ષિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મોડીસાંજ સુધી ઉમેદવારની પસંદગીને લઈને કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તમામ અપેક્ષિત ઉમેદવારોને નિરીક્ષકોએ સાંભળ્યા હતા. મોરવા(હ) વિધાનસભા મત વિસ્તારના પૂર્વ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, વિક્રમભાઈ ડીંડોર, એમ.એમ. પારગી સહિત ૧૫ થી વધુ ઉમેદવારો એ મોરવા વિધાનસભા બેઠક માટે ભાજપ માંથી ટિકિટ ની દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સાથે અન્ય કાર્યકરોએ પણ બેઠક માટે નિરીક્ષકોની ઉપસ્થિતિમાં પોતાની દાવેદારી નોંધાવી છે. ત્યારે હવે જોવું રહ્યું કે, ભાજપ પોતાના ક્યા ઉમેદવાર ને ચૂંટણી મેદાનમાં ઉતારે છે. તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે.

## શહેરામાં બ્રહ્માકુમારી વિદ્યાલય ખાતે શહિદ દિન અને જાનકી દાદીજીના સ્મૃતિ દિન નિમિત્તે રકતદાન શિબિર યોજાઈ




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરમાં પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે શહીદ દિન અને જાનકી દાદીજીના સ્મૃતી દિવસ નિમિતે રક્તદાન શિબિર સાથે વ્યસન મુક્તિ કેમ્પ યોજાયો હતો. વ્યસન મુક્તિ કેમ્પમાં બ્રહ્મા કુમારી દીદી એ જરૂરી માર્ગદર્શન આપતા લોકોએ વ્યસન છોડવાનો સંકલ્પ લીધો હતો. રક્તદાન શિબિરમાં ૫૦ થી વધુ રક્તદાતાઓ એ રક્તદાન કરતા કેમ્પને સફળતા મળી હતી.

શહેરા નગરમાં શિવમ સોસાયટી ખાતે આવેલ પ્રજાપતિ બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્ર ખાતે વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજાતા હોય છે. બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે શહીદ દિન અને જાનકી દાદીજીના સ્મૃતી દિવસ નિમિતે રક્તદાન શિબિર સાથે વ્યસન મુક્તિ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. પોલીસ મથકના પી.આઇ નંદલાલ પ્રજાપતિ, નગરના અગ્રણી જેકી મુલચંદાણી, હરીશ ખુશલાણી, રતન દીદી, જ્યા દીદી તેમજ ડોક્ટર આર.કે.ચૌહાણ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ને ખુલ્લો મૂકવામાં આવેલ હતો. આ કેમ્પમાં વ્યસન મુક્તિ પ્રદર્શનમાં વ્યસન થી શરીર ને થતું નુકશાન સહિત જરૂરી માર્ગદર્શન આવેલ સૌ લોકો ને બ્રહ્મા કુમારી રતન દીદી અને જ્યા દીદી એ આપેલ હતું. રક્તદાન શિબિરમાં ખૂબ જ ઉત્સાહ અને હોંશભેર રકતદાન કરી ને માનવતા મહેકાવી હતી. ૫૦ થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરેલ હતું. કેન્દ્ર ખાતે આ કેમ્પમાં આવનાર વ્યસન અહીં છોડી ને જાય તે માટે બ્રહ્માકુમારી સુરેખા દીદી, રતન દીદી અને જ્યા દીદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવતા આ કેમ્પમાં આવનાર ગણા બધા એ તમાકુ, દારૂ, સીગારેટ સહિતના વ્યસન છોડવાનો સંકલ્પ લીધો હતો.

## મોરવા(રે) ગામે પાનમ કેનાલનું સિંચાઈ માટે આપતા પાણીનો બિનજરૂરી વેડફાટ અટકાવવા રજુઆત



શહેરા,

મોરવા(રે) ગામે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પિયત માટે ખેડુતોને પાણી આપવામાં આવે છે, પરંતુ મોરવા(રે) વિભાગના ખેડુતો દ્વારા પાણીનો બિનઉપયોગી વેડફાટ અટકાય માટે કાર્યવાહી થાય તે જરૂરી છે.

શહેરા તાલુકાના મોરવા(રે) ગામે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પાનમ કેનાલ દ્વારા પિયત માટે પાણી આપવામાં આવે છે. ત્યારે આ વિસ્તારમાં ખેડુતો સિંચાઈ માટે પુરા પાડવામાં આવતાં પાણીના પુરવઠાના બિનઉપયોગી વેડફાટ કરતા હોય છે. બિનજરૂરી પાણીનો વેડફાટ અટકાવવા માટે જવાબદારો સામે કાર્યવાહી કરાય તો પાણીના વેડફાટ અટકાવવામાં આવે તેવી જાગૃત નાગરિકો દ્વારા રજુઆત કરવામાં આવી છે.

## ગોધરામાં ૬ જેટલા ટ્રાન્સજેન્ડરને વિશેષ ઓળખ દર્શાવતા ઓળખપત્ર પ્રાંત અધિકારીના હસ્તે એનાયત



ગોધરા,

સમાજમાં સ્ત્રી પુરૂષ વચ્ચે વસવાટ કરતા ટ્રાન્સજેન્ડર પણ સૌ લોકો વચ્ચે જોડાઈ શકે, તેઓને પણ સમાન અધિકાર મળી શકે તે માટે રાજ્યસરકાર દ્વારા ટ્રાન્સજેન્ડર એકટ પ્રોટેકશન ઓફ રાઈટ્સ–૨૦૧૯ બહાર પાડવામાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત રાજ્યમાં વસતા ટ્રાન્સજેન્ડરના હકો અને અધિકારોનું રક્ષણ કરવાનો મૂળ ઉદ્દેશ્ય હતો. આ કાયદા અન્વયે ટ્રાન્સજેન્ડરને તેઓનું જાતિ અંગેનું વિશેષ ઓળખપત્ર જિલ્લા કલેકટર દ્વારા ઈસ્યુ કરવામાં આવે છે. જેને લઈને આ વર્ગ પણ સરકારનું મહત્વની યોજનાઓનો લાભ મેળવી શકે. ત્યારે પંચમહાલ જિલ્લામાં આ કાયદા હેઠળ ગોધરા શહેરમાં વસતા ૬ જેટલા ટ્રાન્સજેન્ડરને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે ગોધરા પ્રાંત અધિકારી વી.આર. સક્સેનાના હસ્તે ઓળખપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઓળખપત્ર દ્વારા મહત્વના એવા આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ સહિતના અન્ય દસ્તાવેજો સરળતાથી મેળવી શકાશે, પંચમહાલ જિલ્લામાં સૌ પ્રથમ છે. જેટલા ટ્રાન્સજેન્ડરને આ પ્રકારના ઓળખપત્ર ઈસ્યુ કરવામાં આવ્યા છે. જિલ્લામાં જે પ્રમાણે અરજી મળશે તેમ આ પ્રકારના વિશેષ ઓળખપત્ર ઈસ્યુ કરવામાં આવશે.

## પંચમહાલમાં ૯૪૯૨૭ વ્યક્તિઓને કોરોના રસીનો ડોઝ અપાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

સમગ્ર દેશમાં કોરોનાને નાથવામાં મદદરૂ પ એવી કોરોના રસી આપવાની શરૂ આત કરી દેવામાં આવી છે. જેમાં તમામ જિલ્લામાં તબક્કાવાર કોરોના રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં પણ સમયસર તબક્કાવાર કોરોના રસીકરણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાં આવેલા વિવિધ રસીકરણ કેન્દ્ર પર કોરોના રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. આજરોજ ગોધરા ખાતે આવેલ તેલંગ વાણિજ્ય વિદ્યાલય ખાતે પંચમહાલ જિલ્લાના વિવિધ પદાધિકારીઓ દ્વારા રસીકરણ કાર્યક્રમ અંતર્ગત કોરોના રસીનો ડોઝ લેવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લા પંચાયતમાં નવનિયુક્ત કુ. કામીનીબેન ગોપાલસિંહ સોલંકી, માજી સાંસદ સભ્ય ગોપાલસિંહ સોલંકી, પંચમહાલ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સરદારસિંહ પટેલ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના નવનિયુક્ત હોદેદારો દ્વારા કોરોના રસીનો ડોઝ લીધો હતો અને રસીકરણ કાર્યક્રમને સફળ બનાવવા પોતાના મતવિસ્તારમાં ડોર ટુ ડોર જાગૃતિ અભિયાન ચલાવવા માટે કટિબદ્ધ દર્શાવી હતી.આ માટે જિલ્લામાં ગ્રામ્ય સ્તરે ગ્રામ સભાઓ યોજી તલાટી ઓ, સરપંચ અને ગામના આગેવાનો સાથે બેઠક યોજીને રસીકરણ કાર્યક્રમને વેગ આપવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩૭૬ હેલ્થકેરવર્કર પૈકી ૬૪૪૭ હેલ્થકેરવર્કરને આવરી લઈ ૭૪.૦૮ ટકા, કુલ ૧૪૮૨૬ ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૯૩૬૦ ફ્રન્ટલાઈન વર્કરને આવરી લઈ ૬૪.૯૫ ટકા, તેમજ ૪૫ વર્ષથી ૫૯ વર્ષ વય ધરાવતા કોમોર્બિડ અને ૬૦ વર્ષથી વધુ વયના ૧૪૯૮૬૪ વ્યકિતઓ પૈકી ૭૦૭૨૩ વ્યક્તિઓને રસીકરણ હેઠળ આવરી લઈ ૪૭.૧૭ ટકા રસીકરણ ની કામગીરી કરવામાં આવી છે. સાથે જ જિલ્લામાં બાકી રહી ગયેલા તમામ વ્યક્તિઓને આગામી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં રસિકરણથી રક્ષિત કરવાનું આયોજન પંચમહાલ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

## કોરોના રસીકરણનો વ્યાપ વધારવા મુસ્લિમ અગ્રણીઓ સાથે બેઠક યોજતા કલેક્ટર



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં ચાલી રહેલા રસીકરણ કાર્યક્રમને વેગ આપવા માટે ઝુંબેશ ઉપાડવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લાના તમામ વરિષ્ઠ નાગરિકોને ૩૧મી માર્ચ ૨૦૨૧ પહેલા રસીકરણ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લાના મુસ્લિમ અગ્રણીઓ અને ધર્મગુરૂ ઓ સાથે જિલ્લા પંચાયતના બી.આર.જી.એફ ભવન ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર એ અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે, હાલમાં કોરોના પ્રતિરોધક રસી જિલ્લાના તમામ ૪૫ થી ૫૯ વર્ષના કો-મોર્બિડ વ્યક્તિઓ તેમજ ૬૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને જિલ્લામાં આવેલ રસીકરણ કેન્દ્રો ખાતેથી વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. ત્યારે સંબંધિત વ્યક્તિઓએ આ રસીકરણમાં જોડાઈને આ રસી લેવી આવશ્યક છે. આ રસી સંપૂર્ણ સુરક્ષિત છે. તેથી અફવાઓથી દુર રહી કોઈ શંકા કે ડર રાખ્યા વિના આ રસી મુકાવી કોરોના સંક્રમણ સામે સુરક્ષિત બનવું અને સંક્રમણને ફેલાતું અટકાવવું એ જિલ્લાના તમામ નાગરિકોને ફરજ છે. જિલ્લાના ૪૫ થી ૫૯ વર્ષના કોઈપણ કો મોર્બિડ વ્યક્તિ રસીકરણથી વંચિત ન રહે તે માટે ઉપસ્થિત તમામ વ્યક્તિઓને સક્રિય થવા તેમણે અપીલ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુરેશ રાઠોડ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મીનાક્ષી ચૌહાણ તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને ધર્મગુરૂ ઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલના ભલાણીયા ખાતે રાજકોટના રંગભૂમિ કલાકાર કિશન પરમારને જયશંકર સુંદરી કલા એવાર્ડથી સન્માનિત



ગોધરા,

તાજેતરમાં જ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ભલાણીયા ગામે કલા,સાહિત્ય અને સંસ્કૃતિ સંસ્થા અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા દ્વારા વિવિધ કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં રંગ ભૂમિ ક્ષેત્રે સ્ટેજ કાર્યક્રમ, ડાયરો, આખ્યાન ધાર્મિક ધૂન મંડળી કાર્યક્રમ, લોક કલાકાર, સમાજિક જાગૃતિ અને હાસ્યના કાર્યક્રમો સહિત પોતે લાભુડીના નામથી કોમેડી વિડિઓમાં પોતાનુ આગવું પ્રદાન કરનાર કચ્છ કાઠિયાવાડના સુપ્રસિદ્ધ કલાકાર કિશન પરમારનું રંગભૂમિના ખ્યાતનામ કલાકાર જય શંકર સુંદરીના સાથે સંકળાયેલ જય શંકર સુંદરી કલા એવાર્ડ સન્માનપત્ર, સાલ અને ફુલહારથી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક ઈન્દ્રવદન એન પરમાર તથા મહેન્દ્રકુમાર ડી પરમાર અને ભલાણીયા ગામના સમાજિક કાર્યક્રમ સુરેશભાઈ કે પરમારના વરદ હસ્તે નવાજવામાં આવ્યા હતા. કિશન પરમાર જૂની રંગભૂમિના રામદેવપીર વેશના ખૂબ પ્રસિદ્ધ કલાકાર છે. તેઓ સ્ત્રી પાત્ર ભજવે ત્યારે આપણને આપણા જય શંકર સુંદરીની યાદ આપવી દે છે. સાથી કલાકારોમાં વડોદરા જિલ્લાના સિહાપૂરા – વાઘોડીયા ગામના રંગભૂમિના કલકારોનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું. આખ્યાનમાં કચ્છ કાઢીયાવાડ સૌરાષ્ટ્રના વિખ્યાત જય ખોડિયાર રામામંડળ પાટ ખીલોરીના સુપ્રસિદ્ધ કલાકાર અને મંડળના પ્રમુખ કિશન પરમાર દ્વારા સુંદર કલા પીરસવામાં આવી હતી. તેઓનું રાજસ્થાન રામદેવડા રામદેવપીર મંદિર સમાધિ સ્થાનના ટ્રસ્ટી અને રામદેવપીરના વંશજ આનંદ સિંહ તંવરના વરદહસ્તે પણ અગાઉ સન્માન કરવામાં આવ્યુ હતું. ડાયટ પંચમહાલના સિનિયર લેકચરર બી.એમ. સોલંકીએ કલાનું સન્માન કરવુ એ પણ એક લ્હાવો ગણાવી પોતનો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમ માં અનેક કલા રસિકોની હાજરી રહી હતી.

## કાલોલ ગોમાનદીમાં મામલતદારએ છાપો મારી રેતી ભરાતું ટ્રેક્ટર ઝડપ્યું



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા ગોમાં નદીમાં બેફામ રેતી ખનન થતું હોય છે. આવા રેતી ખનનના પંચમહાલ સમાચારના અહેવાલો પ્રકાશિત થતાં કાલોલ મામલતદાર દોડતાં થઈ ગયાં હતાં. સ્થાનિક તંત્ર એક્સનમાં આવી કાલોલ તાલુકાના આંતરીયાળ વિસ્તારમાંથી પસાર થતી ગોમાનદીમાં મંગળવારે સવારે અચાનક મામલતદાર કચેરીની ટીમે ગોમા નદીમાં રેતી ખનન કરતાં ખનન માફીયાઓ પર છાપો માર્યો હતો. કાલોલ સુરેલી, ઘુસર,ચલાવી ગોમાં નદીમાં મામલતદાર, નાયબ મામલતદાર કચેરીના સ્ટાફે છાપો મારતાં નદીમાં રેતી ઊલેચતા બે ટ્રેક્ટર ઝડપી પાડ્યા હતા. જેમાં એક ટ્રેક્ટર ચાલક મામલતદારની ટીમનાં સકંજામાંથી નાશી છુટ્યા હતાં. જ્યારે એક રેતી ભરેલ ટ્રેક્ટર ચાલકને ઝડપી પાડી કાલોલ મામલતદાર કચેરી ખાતે લાવી ખાણ ખનિજ વિભાગને રીપોર્ટ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.